# PRESTOનો ઉપયોગ કેવી રીતે કરશો

1. **કાર્ડની ખરીદી**

   PRESTO (પ્રેસ્ટો) કાર્ડ www.prestocard.ca પર ઑનલાઈન ખરીદો અથવા નીચે આપેલા કોઈ પણ બ્રેમ્પટન ટ્રાંઝિટ (Brampton Transit) ટર્મિનલ્સ/ફેસિલિટીઝ (સુવિધાઓ) પરથી ખરીદો: બ્રામેલિયા (Bramalea), ડાઉનટાઉન (Downtown), શૉપર્સ વર્લ્ડ (Shoppers World), અને ટ્રિનિટી કૉમન ટર્મિનલ્સ (Trinity Common Terminals); ક્લાર્ક અને સેન્ડલવુડ ફેસિલિટીઝ (Clark and Sandalwood Facilities).

   ખરીદી પર $6ની પૈસા પાછા ન મળે તેવી રીતની ફી આપવાની હોય છે.

   નોંધમાં લો: તમારા PRESTO કાર્ડ પર તમે લોડ કરી શકો તેવી ન્યૂનતમ પૈસાની રકમ $10 અને અધિકતમ રકમ $1000 હોય છે. તમે તમારા કાર્ડ પર રકમ તમારી જરૂરિયાત અનુસાર ઈચ્છો ત્યારે લોડ કરી શકો છો.

2. **તમારું કાર્ડ રજિસ્ટર કરો**

   તમારા કાર્ડને www.prestocard.ca પર ઑનલાઈન રજિસ્ટર કરો.

   નોંધમાં લો: તમારા PRESTO કાર્ડને ઑનલાઈન પર રજિસ્ટર કરો તેના 24 કલાક પછી, તમારે **કોઈ પણ** PRESTO ડિવાઈસ* પર સાત દિવસની અંદર ટૅપ કરવું જ જોઇએ, જેથી રજિસ્ટ્રેશન પૂરું થાય.

   **વિદ્યાર્થીઓ અને મોટી ઉંમરની વ્યક્તિઓ** – યોગ્ય ભાડું મેળવવા માટે તમારી પાસે રજિસ્ટર્ડ PRESTO કાર્ડ **હોવું જ જોઇએ**.

   નોંધમાં લો: જો તમે પુખ્તવયની વયક્તિ હો અને તમે તમારા PRESTO કાર્ડને રજિસ્ટર કરવા માંગતા ન હો, તો તે એક કસૂરવાર નનામું પુખ્તવયની વ્યક્તિનું કાર્ડ બની રહેશે [જુઓ તમારા કાર્ડને રજિસ્ટર કરવાથી મળતા લાભો (Benefits of Registering Your Card)].

   *PRESTO સાધનોમાં સામેલ છે: બ્રેમ્પટન ટ્રાંઝિટ ટર્મિનલ્સ પર બેલેન્સ ચેકર્સ અને બ્રેમ્પટન ટ્રાંઝિટ બસો પરની સુવિધાઓ અથવા ભાડું ચુકવવાની ડિવાઇસો (સાધનો).

3. **વળતર આપતા ભાડાંઓની ગોઠવણી (સેટિંગ)**

   **વિદ્યાર્થીઓ અને મોટી ઉંમરની વ્યક્તિઓ**– એક વાર તમે તમારા કાર્ડની રજિસ્ટર કરી લો, તમારે બ્રેમ્પટન ટ્રાંઝિટ ટર્મિનલ અથવા ફેસિલિટીની મુલાકાત **લેવી જ જોઈએ**, જેથી વિદ્યાર્થી અથવા મોટી ઉંમરની વ્યક્તિ સાથે કાર્ડની ગોઠવણી થાય શકો અને યોગ્ય ભાડું ચુકવી શકો.

**વધારાના મુસાફરો માટે ચુકવણી હેતુ તમારા PRESTO કાર્ડનો ઉપયોગ કરો**

ભાડું ચુકવવાની ડિવાઈસ (સાધન) પર તમે તમારા PRESTO કાર્ડને ટૅપ કરો તે પછીથી તમારે બસ ઑપરેટરને કહેવું જોઈએ કે, તમે વધારાના મુસાફર માટે ભાડું ચુકવવા માંગો છો. ઑપરેટર અન્ય મુસાફરોના પ્રવેશ માટે ફી કરશે, અને તમારે તમારા કાર્ડને ઑપરેટરની PRESTO ડિવાઈસ પર ટૅપ કરવું જ જોઈએ.

નોંધમાં લો: વધારાના મુસાફરોને પુખ્ત વયની વ્યક્તિની ટિકિટનો ચાર્જ લાગુ પડશે.

Brampton Transit

તમારા કાર્ડને રજિસ્ટર કરવાથી મળતા લાભો

- ગુમ થઈ ગયેલા અથવા ચોરી થઈ ગયેલા કાર્ડ: કાર્ડ ગુમ થાય તો PRESTOને રિપોર્ટ કરો (જણાવો) અને તે કાર્ડને બ્લૉક કરી દો (બંધ કરાવો). ગુમ થયેલા કાર્ડનો રિપોર્ટ કરો તેના 24 કલાકની અંદર જે કિંમત ખરચવામાં આવે તે માટે તમે જવાબદાર રહો છો. તમારે રિપ્લેસમેન્ટ (તેની બદલીનું) કાર્ડ ખરીદવું જ પડશે અને ન્યૂનતમ $10ને કાર્ડ પર રકમ લોડ કરાવા પડશે. તમારા નવા કાર્ડને રજિસ્ટર્ડ કરતાં પહેલાં, PRESTO કૉલ સેંટર (PRESTO Call Centre)નો સંપર્ક કરો અને તમને તમારા બાકી રહેલા જૂના કાર્ડના ફંડને નવા કાર્ડ માટે ટ્રાંસફર કરવા માટે કહો.
- ઑટો લોડ: જ્યારે તમારા કાર્ડનું મૂલ્ય પહેલેથી નિર્ધારિત કરેલા સ્તર સુધી પહોંચે ત્યારે તમારા બેન્ક અકાઉંટ (ખાતા) અથવા ક્રેડિટ કાર્ડ દ્વારા સ્વયં-ચાલિત રીતે તમારા કાર્ડને લોડ કરવાનું પસંદ કરો. વધારે માહિતી માટે, જુઓ www.prestocard.ca
- ફેડરલ ટૅક્સ ક્રેડિટ (Federal Tax Credit): માત્ર રજિસ્ટર્ડ કાર્ડો જ ફેડરલ ટૅક્સ ક્રેડિટ મેળવવાને પાત્ર છે. તમારે તમારૂં PRESTO કાર્ડ એક જ પરિવહન પ્રણાલીમાં ઓછામાં ઓછી 32 એકતરફી મુસાફરીઓ માટે એવા સમયગાળામાં વાપરી લેવું જોઇએ જે સતત 31 દિવસથી વધુનો ન હોય. ટૅક્સ હેતુની, PRESTO વેબસાઈટ પરથી તમે વપરાશની માહિતીનો હેવાલ પ્રિન્ટ કરી શકશો.

ભાડું ચુકવવાની ડિવાઈસ

બેલેંસ રકમ યથાવત્

બેલેંસ રકમ કપાત

ટ્રાંસફર સમય બાકી છે

અહીંયા કાર્ડને ટૅપ કરો




બેલેંસ ચેકર

કાર્ડને ડિવાઈસ પર પકડી રાખો, જેથી કાર્યવાહિની માહિતી મળશે







Brampton Transit